જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૦/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૯૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૭૦૬ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૪૯ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૯૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૯૪/૨૦૨૫**

ક્રાઇમ બ્રાન્ચઃ પ્રતિક શિવકુમાર ગાડે (ઉ.વ.૨૬)(રહે.શાહી સુંદરમ ફ્લેટ, નવરોજી પાસે, ડફનાળા શાહીબાગ) એ તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જુન/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વૈભવ સિંદે અને (૨) ધનલ સિંદે (બંને રહે.ઓલ્ડ ગંજા ટેરેસ બેલાસીસ બ્રીજ તાડદેવ મુંબઈ મહારાષ્ટ્ર) એ ભેગા મળી પ્રતિકભાઇ પાસેથી તેમના તથા તેમની પત્નીના જરૂરી ડોક્યુમેન્ટ વોટ્સએપ દ્વારા મંગાવી લઇ, ઈ–મેઈલથી નોકરી અંગેના ખોટા પ્રલોભનો આપી વિશ્વાસમાં લઈ યુ.કે.માં નોકરી અંગેના ખોટા દસ્તાવેજો આપી પ્રતિક ગાડે પાસેથી કુલ રૂપિયા ૪૮,૦૦,૦૦૦/– મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૩૯૫/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ મહેશભાઇ મનુભાઇ મકવાણા (ઉ.વ.૨૭)(રહે.રામદેવનગર અમરામુખીનો વાસ સેટેલાઇટ) એ તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મહેશભાઇ મકવાણા ઇ–કાર્ટ કંપનીમાં ડીલીવરી બોય તરીકે નોકરી કરતા હોય તા.૩૦/૦૯/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર મધરડેરીના ખાંચામા પ્રવાહ એપાર્ટમેન્ટના "બી" બ્લોકના પાર્કીંગમાં પોતાનું એક્ટીવા જીજે.૧૮.ડીએમ.૯૧૦૭ પાર્ક કરી પ્રવાહ એપાર્ટમેન્ટના "બી" બ્લોકમાં ડીલીવરી કરવા ગયા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રવાહ એપાર્ટમેન્ટના પાર્કીંગમાંથી મહેશભાઇ મકવાણાની એક્ટીવા ઉપર રાખેલ ગ્રાહકોના જુદી–જુદી વસ્તુઓના કુલ ૫૯ પાર્સલ કિમત રૂપિયા ૧,૧૯,૭૦૯/–સાથેનો થેલો અને એક્ટીવા કિમત રૂપિયા ૪૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૪,૭૦૯/– મતાની ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કાજલબહેન ગોરધનભાઈ ચલાવે છે.

જીવજંતુ કરડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૩૯૬/૨૦૨૫**

વેજલપુરઃ અકીલા વા/ઓ અબ્દુલતાહેર પિયાદા (ઉ.વ.૪૫)(રહે.બરફની ફેક્ટરી સામે ઝુંપડપટ્ટીમા વિશાલા જુહાપુરા) તા.૦૧/૧૦/૨૦૨૫ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સુતા હતા ત્યારે હાથ ઉપર ઝેરી જીવજંતુ કરડી જતા, સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૧૦/૨૦૨૫ સવારના ૯/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રભાઇ ઘનશ્યામભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૩૯૭/૨૦૨૫**

શાહેરકોટડાઃ રાહુલ દેવેન્દ્રકુમાર પોરવાલ (ઉ.વ.૩૫)(રહે. યોગેશ્વર પાર્ક સોસાયટી, કાકડીયા હોસ્પિટલ પાસે, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૫ સાંજના ૫/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મણીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી